કચ્છની સુપ્રસિદ્ધ પંચતીર્થીના

# મુખ્ય તીર્થ સુથરીનો સંક્ષિપ્ત ઇતિહાસ

વિક્રમના પંદરમા સૈકામાં પખેરાજ નામના સ્થળે લોકો ઝૂંપડાં બાંધીને રહેતા હતા. તેઓ ખેતી વગેરે ઉદ્યમ કરી નિર્વાહ ચલાવતા હતા. નબળા પડેલા ચાવડા અને જતો પાસેથી ગરજજણોએ (ગિઝનીના મુસલમાનોએ) રાજ્ય લઈ લીધા બાદ પખેરાજના સ્થળે જે ગામ તેમણે વસાવ્યું, તેનું નામ 'સુથરી' પાડ્યું. તે સમયમાં શ્રી કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિની વસ્તી આ તરફ આવીને ખેતીવાડીનો ધંધો કરતી થઈ. પૈસાપાત્ર લોકો પણ સાથે હોઈને સુથરીનો વિકાસ ઝડપી થયો. કૂવાઓ, તળાવો, હવાડાઓ ઇત્યાદિ જાહેર વસ્તીને લાભકર્તા કાર્યો પણ થવાં લાગ્યાં.

રાજ્યકર્તા ગરજજણો નબળા પડતાં કોઠારાના જાગીરદાર જાડેજા ભારાજી રાજકર્તા બન્યા. ભારાજીને નવ કુંવરો હતા. તેમાં પ્રથમ હરધોરજી સુથરીને ટીંબે બેઠા. સગાજીએ ધાતડ, ખેંગારજીએ ખુઅડો, માલાજી અને મોઠાજીએ લઠેડી, બાંભડીઆ, વીઢ તથા જખડીઆ વગેરે ગામો વસાવ્યાં. કૃષ્ણાજી અને કુંભાજીએ હાલાર વસાવ્યું અને હોથાજી કરોડી જઈને રહ્યા. આમ વિક્રમ સંવતના સોળમા સૈકામાં હરધોરજીના હાથમાં સુથરીની જાગીર હતી.

**પરમ પ્રભાવિક શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથનું તીર્થ સુથરી :** (સ્થાપના : સં. ૧૮૯૬). આ મહાન તીર્થની સ્થાપનાનો ટૂંક ઇતિહાસ અહીં આપવાનું ઉચિત ગણાશે. અબડાસાની પંચતીર્થીમાં સુથરીનું જિનાલય એક અનન્ય આકર્ષણ છે. મૂળનાયક શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ સ્વામી ભગવાનના પ્રતિમાજીનું મૂળ બિંબ મહારાજા સંપ્રતિએ ભરાવેલા બિંબોમાંનું છે. હાલાર પ્રદેશમાં આવેલ છીકારી ગામમાં એ પ્રતિમાજીને અચલગચ્છાધિપતિ દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીએ પ્રતિષ્ઠિત કરેલા છીકારી ગામથી સુથરી ગામમાં થયેલ સ્થાન પરિવર્તન વિષે નીચેની વિશ્વસનીય આખ્યાયિકા પ્રચલિત છે :

વિક્રમના સોળમા સૈકામાં સુથરી ગામમાં અંચલગચ્છના ગોરજી શેખર શાખાવાળા ધરમચંદજીએ પોતાની પોશાળમાં શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમાજીને સ્થાપ્યાં હતાં. દશા ઓસવાળ જ્ઞાતિની વસ્તી સારી હોઈને શુભ પ્રસંગોએ દેવપૂજન માટે એ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજિતનાથજી ભગવાનની પ્રતિમાજીનો ઉપયોગ થતો. એ અરસામાં ક. દ. ઓ. જ્ઞાતિના શ્રી મેઘજી ઉડીઆ પોતે ખાણમાંથી પથ્થર કાઢવાનું કામ કરતા હતા, છતાં પોતાને માથે કરજ હોવાથી જીવનથી કંટાળીને વાવમાં આત્મહત્યા કરવાના વિચારે ગયા. ત્યારે તેમને દેવવાણી સંભળાઈ: 'ના, ના.' ચોતરફ નજર કરતાં કોઇ દેખાયું નહિ, એટલે તેઓ સમજ્યા કે કોઈ દેવ મને આત્મહત્યા કરવા બાબત ના પાડે છે. માટે મારે આજે આત્મઘાત ન કરવો, એમ વિચારી તેઓ ઘેર જઈ સૂઈ ગયા. તે જ રાતે તેમને સ્વપ્ન આવ્યું. તેમાં તેમને સૂચવાયું : 'આપઘાત કરીશ નહિ. હિમ્મત રાખજે. બધાં સારાં વાનાં થશે. સવારના ઊઠીને અમુક વેપારી પાસે જજે. તેની પાસેથી તને ૨૦૦ કોરી મળશે. ૧૦૦ કોરી લેણદારને આપી દઈ તારું દેવું પતાવજે અને બાકીની સો કોરી લઇને ગોધરા ગામ જજે. તે ગામને ઉગમણે પાદરે તને હાલારના છીકારી ગામના દેવરાજ વણિક મળશે. તેમની સાથેના બળદ-પોઠિયા ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમાજી હશે. તે ૧૦૦ કોરી લઈને તને આપશે. તે તું લઈ આવજે.'

આ રીતે સ્વપ્નમાં મળેલી અધિષ્ઠાયક દેવની સૂચના સાંભળીને શેઠશ્રી મેઘજી ઉડીઆ આનંદભેર જાગ્યા. જાગીને ઈષ્ટદેવ પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરી સ્વપ્નમાં પોતાને થયેલા સૂચન પ્રમાણે થયેલી આજ્ઞાને અનુસરીને તેઓ ઉપરોકત પ્રતિમાજીને સુથરી મુકામે લઈ આવ્યા. છીકારી ગામમાં દેવરાજ વણિકને પણ એવા જ પ્રકારે સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવે આજ્ઞા ફરમાવી હતી. ગોધરા ગામના ઉગમણા પાદરના દરવાજે એ બન્ને મળ્યા. પરસ્પર સ્વપ્નોની વાત કરી. શ્રી દેવરાજે કોરી લીધી અને શ્રી મેઘજીભાઇ ઉડીઆએ પરમ કલ્યાણકંદ શ્રી પાર્શ્વનાથજી ભગવાનની પ્રતિમા લીધી. તે પ્રતિમાને સુથરી ગામમાં લાવી પોતાને ઘેર રોટલા રાખવાના કોઠલામાં તેમણે બિરાજમાન કરી.

ત્યાર પછી વારે અને તહેવારે, અને અનેક શુભ પ્રસંગે લોકો ગોરજીના શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમાને પૂજનાર્થે બિરાજમાન કરતા, તે જ મુજબ હવે સ્થાનિક જૈનો શ્રી મેઘજી ઉડીઆની લાવેલી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજીને બિરાજમાન કરવા લાગ્યા.

પ્રતિમાજીના નામકરણ સંબંધે આવી એક અનુશ્રુતિ જણાય છે :

ગામના મોટા શેઠ મેઘણ શાહને સમગ્ર જ્ઞાતિનો સમુદાય જમાડવાની એક વેળા ઇચ્છા થઇ. તેમણે કરેલ ઉજમણામાં ધાર્યા કરતાં વધારે માનવસમુદાય એકત્ર થયો. તેથી મેઘણશા શેઠે શ્રાવકની શૈલી પ્રમાણે ઘીના હવાડામાં શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિરાજમાન કરી અને સ્વામિવાત્સલ્યમાં પોતાની લાજ રાખવા પ્રભુને પ્રાર્થના કરી. મેઘણુ શાહ શ્રાવકની ધા (ફરિયાદ) શ્રી પાર્શ્વનાથજી દાદાના અધિષ્ઠાયક દેવે તરત જ સાંભળી. રસોઈ તો વધી એટલું જ નહિ, હવાડામાં ભરેલું ઘી ગમે તેટલું વપરાયું, છતાં ખૂટયું જ નહિ. આવેલ શ્રાવક સંઘોએ ભોજન કર્યા પછી આ બનાવ જાણ્યો, ત્યારે તેઓ ખૂબ વિસ્મિત થયા. આથી સંઘને ઘૃતના કલ્લોલોથી (તરંગોથી) કલ્લોલ (આનંદ) કરાવ્યો, તેથી શ્રી પાર્શ્વનાથજીનું નામ તે દિનથી 'ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ' પાડવામાં આવ્યું. આવો ભગવાનનો અદ્દભુત મહિમા વર્ણવતાં પંડિત શ્રી રત્નકુશલજીએ ગાયું છે :

ઘૃતકલ્લોલ જિણેસર જે નર પૂજિસઈ, તસ ઘરિ ઘૃતકલ્લોલ;
ધણ, કણ, કંચણ, કાપડ, કામિની, પુત્ર સું રે કરસઈ તે રંગલોલ.

ઉપરોક્ત જ્ઞાતિમિલનનો ઉત્સવ સુથરીમાં વિ. સં. ૧૬૭૫ ની આસપાસ થયો હતો, એવો અહેવાલ મળે છે. સંવત ૧૭૨૧ માં પરમપૂજ્ય ભટ્ટારક શ્રી જ્ઞાનસાગરજી મહારાજના ઉપદેશથી સમસ્ત સંઘે શ્રી મેઘજી ઉડીઆને શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા શ્રી સંઘને સોંપી દેવાની વિનંતિ કરી. શ્રી ઉડીઆજીએ આ વિનંતિ માન્ય રાખી. તેથી શ્રી સંઘે ત્વરિતપણે નવા જિનાલય માટે રકમો એકઠી કરવાની શરૂઆત કરી દીધી. છતાં ઠેઠ સં. ૧૮૮૩ માં નૂતન જિનાલયની શિલારોપણ વિધિ સંપન્ન થઈ. વિ. સં. ૧૮૯૬ માં વૈશાખ સુદી ૭ ને દિવસે ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. આ રીતે શ્રી સુથરી જૈન સંઘ અનંત ઉપકારી, પરમ પ્રભાવક, ચમત્કારિક, શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાનાં દર્શન, સેવાપૂજા અને ભક્તિ કરવાને ભાગ્યશાળી બન્યો. ત્યારપછી તો ઉત્તરોત્તર જ્ઞાની મહાપુરુષોનાં ચોમાસાં આ ગામમાં શરૂ થયાં અને જ્ઞાનની સરિતા વહેવા લાગી. પરમારાધ્યપાદ, પ્રાતઃસ્મરણીય, વિધિપક્ષ-મંડન, અચલગચ્છીય મુનિમંડલાગ્રેસર સ્વ. દાદાસાહેબ ગૌતમસાગરજી મહારાજ સાહેબે પણ શ્રી સુથરી જૈન સંઘની વિનંતિથી વર્ષો સુધી સં. ૨૦૦૭ પર્યંત સ્થિરવાસ રહીને સંઘમાં ધર્મજાગૃતિની જ્યોતને જ્વલંત રાખી.

પરમ પૂજ્ય આચાર્યશ્રી દાનસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન શાંતમૂર્તિ, બાલબ્રહ્મચારી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી નેમસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને સં. ૨૦૧૨ ના વૈશાખ સુદ ૩ ના દિવસે આચાર્ય પદવી આપવાનો લાભ શ્રી સુથરી જૈન સંઘને મળ્યો હતો.

[ શ્રી સુથરી જૈન સંઘ દ્વારા પ્રકાશિત ' શ્રી દાન-નેમ-કલ્યાણમાળા ' માંથી સાભાર. ]

■ ■ ■



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org